જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૯/૧૧/૨૦૧૪ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૫૩/૧૪**

## કિશન ઠાકોરને ચોરીના મોબાઈલ ફોનો સાથે ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં અવાર-નવાર બનતા મિલકત વિરુધ્ધના ગુનાઓ શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નર હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી સાહેબ ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોર્ડ - ૧ ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર શ્રી આર.બી.રાણા નાઓના સ્કોર્ડના પોલીસ સબ ઈન્સ્પેકટર, શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમીયાન સુભાષબ્રીજ સર્કલ આગળ આવતા સાથેના પો.કોન્સ. શૈલેશકુમાર જસુજી નાઓને મળેલ બાતમી હકીકત આધારે કિશન રમેશભાઈ ઠાકોર (ઉ.વ.૨૩)(રહે.નવાપરા વાસમાં, શાક માર્કેટની પાછળ, રાણીપ ગામ, અમદાવાદ શહેર) નાને ચોરી કરેલ સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂ.૧૩,૦૦૦/- ની મત્તા સાથે ઝડપી પાડી C.R.P.C. કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૮/૧૧/૨૦૧૪ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. સદર મોબાઈલ ફોનો બાબતે તપાસ તજવીજ દરમીયાન સદર મોબાઈલ ફોન " રાણીપ પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૧૩/૨૦૧૪ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ હોય સદર ગુન્હાઓ શોધવામાં આવેલ છે અને વધુ તપાસ થવા સારૂ રાણીપ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.